ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# રોજગાર કચેરી મારફતે બે વર્ષમાં ૨૩૧૬૧ને રોજગારી

રોજગાર કચેરી ખાતે જિલ્લામાંથી નોધાયેલા ૯૨૪૦ અર્ધશિક્ષિત અને શિક્ષિતો નોંધાયેલા છે. જયારે છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરી મારફત ૨૩૧૬૧ ને રોજગારી પુરી પાડવામાં આવી છે. જયારે આ પૈકી લશ્કરી ભરતી મેળા તેમજ રોજગાર કચેરી મારફતે થયેલી ભરતીના આધારે ૩૨૯ ને સરકારી નોકરી તેમજ ૨૨૮૩૨ને ખાનગી નોકરી આપવામાં આવી છે. આ ઉપરાંત વિનિમય કચેરી દ્વારા કુલ ૩૬ ઓદ્યોગિક ભરતી મેળા દરમિયાન ૧૦૮૬૭ ને રોજગારી આપવામાં આવી છે. વિધાનસભાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં રજુ થયેલા પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ આપેલા લેખિત જવાબના અંતે આ આંકડો સ્પષ્ટ થયો છે.

- **પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકવર્ગ-૩ની ૧૪ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ -૨ની કુલ ૪૬ જગ્યાઓ પૈકી ૨ ખાલી છે. જયારે પશુધન નિરિક્ષકની વર્ગ-૩ ની ૧૦૨ જગ્યાઓ પૈકી ૧ ૨ ખાલી છે. બાપુનગરના ધારાસભ્યએ રજુ કરેલા આ પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ -૨ અને પશુધન નિરિક્ષક વર્ગ-૩ ની રાજય કક્ષાની આ ખાલી જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જયારે પશુધન નિરિક્ષકની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભરવાની થાય છે.

- **યાત્રાધામના વિકાસ માટે મંજુર કરાયેલી રકમ હજુ વપરાઇ જ નથી**

જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે યાત્રાધામ વિકાસ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ રૂપાલ વરદાયિની મંદિર સહીત જિલ્લાના વિવિધ ૧૨ યાત્રાધામો માટે રૂ ૧૫૬૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. જયારે આ પૈકી વિવિધ યાત્રાધામના વિકાસ પાછળ રૂ ૬૭.૭૧ લાખનો ખર્ચ કરાયો છે. જયારે હજુ સુધી ૧૪૯૨ .૩૨ લાખ વપરાયા નથી. આ પૈકી દહેગામના કંથારપુર મહાકાળી વડના વિકાસના કામ પાછળ રૂ ૩,૬૮ લાખનો જ ખર્ચ થયો છે. જયારે ટેન્ડર મંજુરીની પ્રક્રીયા હેઠળ હોવાથી હજુ સુધી કામગીરી ચાલુ થઈ નથી.

- **રાજ્યમાં 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડ અપાશે**

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે ૨૦૧૯થી 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. જેના માટે પસંદગી સમિતિ અને પસંદગી માટે ધોરણો ઠરાવતા નિયમો પણ જાહેર કરવામાં આવશે. ધારાસભ્યોને તેમની ફરજો અને જવાબદારીઓ સારી રીતે નિભાવવાની પ્રેરણા મળે તે માટે આ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

# ગુડા વિસ્તારમાં ૩૫૪ કરોડના ખર્ચે વિકાસ કામો

**ગુડાના વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં ૩૫૪.૭૩ કરોડનો ખર્ચનો અંદાજ માર્ગો, સ્ટ્રીટ લાઇટ , પાણી , સ્ટોર્મ વોટરના માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરાશે : ગુડા ભવન અને એમ્યુઝમેન્ટ પાર્કનુ પણ નિર્માણ કરાશે : સાયકલ શેરીંગ પ્રોજેક્ટ, લાઇબ્રેરી, આવાસો પાર્ટી પ્લોટ, બાગ બગીચા અને તળાવનુ પણ નિર્માણ કરાશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી જયારે આ બજેટમાં ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધા ઉપરાંત વિકાસના નવતર કામોને અનુલક્ષી રૂ ૩૫૪.૭૩ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.ગુડા વિસ્તારમાં રસ્તા , પાણી , ગટર અને ગુડા ભવન તેમજ એમ્યુઝમેન્ટ પાર્ક સહીત આવાસ બનાવવાની કામગીરીનો પણ સમાવેશ કરાયો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વર્ષ ૨૦૨૦-૨૧ નુ અંદાજપત્ર રજુ કરાયુ હતુ. આ અંદાજપત્રમાં સુચિત અંદાજોમાં કુલ ૩૨૫.૪ કરોડની આવક તથા ૩૫૪.૭૩ કરોડના ખર્ચના અંદાજો રજુ કરાયા હતા. જયારે પુરાંત સિલકરૂ ૩૫૮.૮૮ કરોડ દર્શાવામાં આવી છે. જયારે વર્ષના અંતની પુરાંત ૩૨૯.૧૯ કરોડની દર્શાવામાં આવી છે. આ બજેટમાં ગુડા વિસ્તારમાં રસ્તાના કામો માટે રૂ ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જયારે ભુર્ગભ ગટર વ્યવસ્થા અંગે રૂ ૬૦ કરોડ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ માટે રૂ ૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત ગુડા વિસ્તારના વિવિધ ટી પી સ્કીમમાં પાણી વિતરણ વ્યવસ્થા અંગે રૂ ૧૮ કરોડના કામોને મંજુરી આપવામાં આવી છે. રહેણાંક આવાસની સ્કીમને અનુલક્ષીને રાયસણમાં એલ આઈ જી -૨ના આવાસ નિર્માણ માટે રૂ ૨૯.૩૧ કરોડ ઉપરાંત ટી પી ૬ અને ૮ ને અનુલક્ષીને રૂ ૩૦.૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે મધ્યમવર્ગના પરિવારો પૈકી ડો શ્યામા પ્રસાદ મુખરજી નગર આવાસ યોજના માટે રૂ ૨કરોડ, પંડિત દિનદયાળ આવાસ યોજના માટે રૂ ૯૦ લાખ અટલ આવાસ યોજના -૨ માં રૂ ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કુલ આવાસો માટે રૂ ૮૭.૭૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત નવા ૨૧૦૦ આવાસોના

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાની સામાન્ય સભા

**નવા વર્ષનું બજેટ મંજૂર કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા બપોરે ૧૨.૩૦ વાગે મનપાના સભાખંડમાં મળશે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦-૨૧નું સ્થાયી સમિતિએ સુધારાઓ સાથે મંજૂર કરેલ બજેટ મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

આ બજેટ બેઠકમાં કોંગ્રેસ દ્વારા ડહોળા પાણી, રસ્તાઓની આંતરિક સફાઈ સહિતના કેટલાક પ્રશ્નો અંગે ઉગ્ર રજુઆત કરશે. આ ઉપરાંત મનપાના ચર માર્ક આવાસોના દુરપયોગનો મુદ્દો પણ ઉછાળવામાં આવે તેવા સંકેતો છે.

બન્ને પક્ષો દ્વારા તેમની રણનીતિને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારના પ્રશ્નોને પણ કોંગ્રેસ દ્વારા રજુ કરવામાં આવશે તેવા સંકેતો મળ્યા છે.

ગાંધીનગર મનપાની આજની સામાન્ય સભામાં સ્થાયી સમિતિએ સુધારા સાથે રજુ કરેલ ૩૦૪ કરોડના અંદાજપત્રની રજુઆત સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા કરી તે મેયરને સુપ્રત કરશે.

બજેટમાં સામાન્ય સભામાં ભાજપ પણ કેટલાક સુધારા સૂચવશે તેમ જાણવા મળેલ છે. જો કે આ અંગે હાલ ભાજપના આગેવાનો મૌન સેવી રહ્યાં છે.

# ગાંધીનગરના રાજમાર્ગો પર પહેલી માર્ચે મહિલાઓની પ્રાઈડ વૉક

**મહિલા આયોગના અધ્યક્ષ, મેયર રીટાબેન પટેલ સહિત અધિકારીઓ પણ પ્રાઈડ વોકમાં જોડાશે : ગ-૪ થી ઘ-૪ થઈ પરત ગ-૪ સુધી આ પ્રાઈડ વોક યોજાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર આગામી ૧લી માર્ચના રોજ કેન્દ્ર અને રાજ્ય મહિલા આયોગના સંયુક્ત ઉપક્રમે મહિલાઓની પાવર વૉક યોજવામાં આવનાર છે.

જિલ્લા મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા યોજવામાં આવેલ આ પાવર વૉકમાં રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયા તેમજ ગાંધીનગર મેયર રીટાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમમાં વિભાગના સચિવ સુશ્રી મનિષા ચંદ્રા, જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, મહિલા આયોગના સભ્ય સચિવ વીણાબેન પટેલ પણ જોડાનાર છે.

૧લી માર્ચના રોજ સાંજે ૪ વાગે આ પાવર વૉકનો પ્રારંભ ગ-૪ થી થશે અને તે ઘ-૪ આવશે ત્યાંથી તે પરત ફરી ગ-૪ પહોચશે. આ પાવર વૉકમાં જિલ્લાની મહિલાઓ ખાસ કરીને વર્કીંગ વુમન્સ મોટી સંખ્યામાં જોડાશે.

મહિલાઓની સુરક્ષા અને સલામતિ તેમજ મહિલા સશક્તિકરણના હેતુ સાથે આ

● અનુસંધાન પાન-૭ પર

# બપોરના સમયે આકાશમાં વાદળો ઘેરાયા વાતાવરણ પલ્ટાથી ગરમી ઘટી

**મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી નીચે ઉતર્યુ**

**નગરજનોએ આકરા તાપમાં રાહત અનુભવી**



ગાંધીનગર તા ૨૮

શહેરમાં આજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. બપોરના સમયે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. બપોરના તપતા સુરજ વચ્ચે અચાનક વાદળિયુ વાતાવરણ સર્જાતા મોસમનો નઝારો બદલાયો હતો. જેના લીધે ગરમીનો પારો પણ ગગડયો હતો. મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. ઉનાળાના આગમનથી છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનુ જોર વધ્યુ હતુ. આકરી ગરમી વચ્ચે આજે વાતાવરણ પલ્ટો થતા નગરજનોએ મોસમનો નઝારો માંણ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# હજુ આગામી સપ્તાહમાં પણ રાત્રિના ઠંડકનું વાતાવરણ રહેશે

**વરિયાળી અને જીરાના પાકમાં કાળિયો રોગ દેખાવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં વરિયાળી અને જીરાના પાકમાં કાળિયો રોગ દેખાવાની સંભાવના સાથે ખેડૂતોને આ રોગ નિયંત્રણમાં રહે તે માટે ગ્રામસેવકોના પરામર્શમાં રહી હવામાનને ધ્યાનમાં રાખી દવાનો છંટકાવ કરવાની સલાહ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન વિભાગે સલાહ આપી છે.

આજે કૃષિ વિષયક હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮૧માં ખેડૂતોને ઉનાળુ પાકના વાવેતરની તૈયારી કરવાના સંકેત પણ આપ્યા છે.

આ બુલેટીનમાં આગામી સપ્તાહ દરમ્યાન ગરમીનું જોર યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આગાહી મુજબ મહત્તમ તાપમાન ૩૪ થી ૩૫ ડિગ્રી સે. રહેશે. જયારે લઘુત્તમ તાપમાન ૧૮ થી ૧૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૫૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની ગતિ સરેરાશ ૬ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાના પણ સંકેત આપવામાં આવ્યા છે. હજુ એકાદ પખવાડિયા સુધી બેવડી ઋતુનો અહેસાસ જિલ્લાને થશે તેમ કેટલાક ખેડૂત આગેવાનોનું પણ માનવું છે. હોળી પછી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચો જશે તેમ મનાઈ રહ્યું છે.

# રાજ્યમાં રસીકરણ ઝુંબેશ વિસ્તૃત અને વેગવાન બનાવાશે : નીતિન પટેલ

**રસીકરણના વ્યાપને ૧૦૦ ટકા સુધી લઇ જવા પ્રયાસો થશે : રસીકરણનો લાભ લઇ સ્વસ્થ સમાજના નિર્માણ માટે મિશનને સફળ બનાવવા નીતિન પટેલની અપીલ : માત્ર એક વર્ષમાં ૯,૯૧,૮૮૧ બાળકોનું રસીકરણ**

ગાંધીનગર,તા.૨૮

સઘન મિશન ઇન્દ્રધનુષ ૨.૦ અભિયાન અંતર્ગત યોજાનાર વિવીધ કાર્યક્રમો અંગે મીડિયાને માહિતી આપતાં આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, નવી પેઢી સ્વસ્થ,



તંદુરસ્ત અને નિરોગી રહે તે સંકલ્પ સાથે રાજ્યભરમાં રસીકરણ ઝૂંબેશ વધુ સઘન બનશે અને રસીકરણના વ્યાપને ૧૦૦ ટકા સુધી પહોંચાડવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવાના સંપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. આરોગ્ય મંત્રી પટેલે ઉમર્યું કે, આ રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઉટાટીયુ, ધનુર, હીબ બેકટરીયાથી થતા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પુરૂ પાડવા તથા રોગમુકત સમાજનું નિર્માણ કરવા આ ઝૂંબેશ સઘન બનાવાઈ છે. માત્ર ગુજરાતનાં જ નહીં પરંતુ ગુજરાત બહારથી આવેલા પરિવારોના બાળકોની પણ નોંધણી કરીને તેમને આ રસીકરણ ઝૂંબેશમાં આવરી લેવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું. પટેલે જણાવ્યું કે, રાજ્યમાં મિશન ઈન્દ્રધનુષના ૨૦૧૫થી ૨૦૧૮ દરમિયાન કુલ ૮ ફેઝનું સફળ અમલીકરણ કરવામાં આવ્યું છે. આ આઠ ફેઝ દરમિયાન કુલ ૮,૧૫,૪૪૧ બાળકો, ૧,૯૩,૨૧૩ સગર્ભા માતાઓ અને ૧,૭૮,૪૯૩ અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવેલા પરિવારના બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણ સેવાઓમાં આવરી લેવાયા હતા. રાજયમાં બાળકોના વાલીઓ અને સગર્ભા માતાઓએ આ રસીકરણનો સંપૂર્ણ લાભ લઈ

● અનુસંધાન પાન-૭ પર

# કોંગી ધારાસભ્યને ભાજપની ઓફર બાદ ગૃહમાં હોબાળો

**બજેટ સત્રમાં ચર્ચા વેળા સામ સામે આક્ષેપબાજી : કેટલાક ધારાસભ્ય સંપર્કમાં હોવાનો જીતુભાઈનો ઘટસ્ફોટ**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના ગાળા દરમિયાન આજે આઉટસોર્સિંગના નિવેદનને લઈને ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસના ધારાસભ્યોના વળતા આક્ષેપો થયા હતા. ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કોંગ્રેસ ધારાસભ્યને જ પાર્ટી બદલી નાંખવાની ઓફર આપી હતી. પ્રદિપસિંહ જાડેજાએ કોંગ્રેસ ધારાસભ્ય ગુલાબસિંહને કહ્યું હતું કે, જો તમે ઈચ્છો તો ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ શકો છો. આ વિવાદમાં ભાજપ અધ્યક્ષ અને કોંગ્રેસના બીજા ધારાસભ્યો આવી જતાં આની ચર્ચા રહી હતી. ગુજરાત વિધાનસભામાં શુક્રવારના દિવસે બજેટ સત્ર દરમિયાન ચર્ચા ચાલી રહી હતી. ગાળા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ગુલાબસિંહે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર પૂર્ણરીતે આઉટસોર્સિંગથી ચાલી રહી છે. ભાજપે કોંગ્રેસના અનેક ધારાસભ્યોને પોતાની પાર્ટીમાં સામેલ કરીને સરકારમાં મંત્રી બનાવ્યા છે. કોંગ્રેસ ધારાસભ્યના આ આક્ષેપ પર જાડેજાએ કહ્યું હતું કે, જો ઈચ્છા હોય તો ગુલાબસિંહ પણ ભાજપમાં સામેલ થઈ શકે છે અને મંત્રી બની શકે છે. પ્રદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલા આ નિવેદનને કોંગ્રેસ ધારાસભ્યો માટે ખુલ્લી ઓફર તરીકે માનવામાં આવે છે.

છેલ્લા કેટલાક વર્ષમાં આશરે એક ડઝનથી વધુ કોંગ્રેસ ધારાસભ્યો ભાજપમાં સામેલ થઈ ચુક્યા છે જેમાં કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા કેબિનેટ મંત્રી બની ચુક્યા છે. હકીકતમાં અલ્પેશ ઠાકોર પણ મંત્રીપદની લાલચમાં પણ ભાજપમાં સામેલ થયા હતા પરંતુ પેટાચૂંટણીમાં હારી જતા તેમનું સપનું અધુરુ રહી ચુક્યું છે.

# દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ થાય તેવી શક્યતા

**વડોદરા અને સુરતમાં વરસાદી ઝાપટાની વકી : રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફરી હવામાનમાં પલટો**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો અને વાદળછાયુ વાતાવરણ દિવસ દરમિયાન રહ્યું હતું. વિવિધ વિસ્તારોમાં વરસાદ જેવું વાતાવરણ રહ્યું હતું. ગરમીની અસર પણ ઓછી નોંધાઈ હતી. હવામાન વિભાગના કહેવા મુજબ દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગો ખાસ કરીને વડોદરા અને સુરતમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો આગામી ૨૪ કલાક દરમિયાન જોવા મળી શકે છે. હવામાનમાં આવેલા એકાએક પલટાની વચ્ચે પણ આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફારની સ્થિતિ રહી ન હતી. રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૬થી પણ ઉપર પહોંચી ચુક્યો છે. આજે અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૬.૪ સુધી પહોંચી ગયું હતું જ્યારે અમદાવાદ મહત્તમ તાપમાન ૩૩.૬ ડિગ્રી રહ્યું હતું. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૩.૬ અને મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી રહ્યું હતું.

હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ તાપમાનમાં આગામી ૪૮ કલાક દરમિયાન બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. હવામાનમાં આવેલા પલટા વચ્ચે વડોદરા અને સુરતમાં વરસાદી માહોલ રહી શકે છે. આજે બપોરના ગાળામાં અમદાવાદ શહેરમાં વાદળછાયુ વાતાવરણ રહેતા એકાએક ગરમીનું પ્રમાણ ઘટી ગયું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com